Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-16, Issue-3, December-2022
www.researchguru.net

# પ્રાચીન નાલંદા ઐતિહાસિક પરિપેક્ષ્યમાં

ડો. વિનોદકુમાર બી. મુંજપરા
ઇતિહાસ વિભાગ, અધ્યાપક સહાયક, નલિની અરવિંદ એન્ડ ટી.વી પટેલ આર્ટ્સ કોલેજ વલ્લભ વિદ્યાનગર

---

બિહારનો એક જિલ્લો અને વિશ્વપ્રસિદ્ધ પ્રાચીન વિદ્યાકેન્દ્ર એટલે નાલંદા વિદ્યાપીઠ. જેને તક્ષશિલા જેવી જ ખ્યાતિ પ્રાપ્ત થઈ છે. નાલંદા મહાવિહાર મૂળભૂત રીતે એક બૌદ્ધ વિહાર હતો. જેનો પ્રાચીન યુગમાં એક મહાન વિદ્યાપીઠના રૂપમાં વિકાસ થયો છે.

(૧) ભૌગોલિક સ્થાન :

૨૫. ૦૭' ઉ.અ અને ૮૫. ૨૫' પૂ.રે તે પાટણથી 88 કિલોમીટર દૂર ગંગાને કાંઠે અગ્નિખૂણે બડગાવ ગામની હદમાં આવેલ છે. નાલંદા જિલ્લાનું ક્ષેત્રફળ ૨૩૫૫ ચો.કીમી છે. તેના અર્થતંત્રનો આધાર ખેતી ઉપર છે અને ત્યાં ગંગાનદીની નહેરોની સુવિધા છે. આ જિલ્લો સમુદ્રથી દૂર હોવાથી શિયાળામાં ઠંડી અને ઉનાળામાં ગરમી વધારે પડે છે. ત્યાં વરસાદનું પ્રમાણ 1200 થી 1600 મીમી છે. ડાંગર, ઘઉં, જવ, મકાઈ, કઠોળ, સરસવ આ જિલ્લાના મુખ્ય પાક છે. જમીન ફળદ્રુપ છે અને સિંચાઈની સગવડને લીધે વરસમાં બે કે વધુ પાક લેવાય છે. લોકોનો મુખ્ય ધંધો ખેતી અને પશુપાલન છે. ત્યાં સુતરાઉ અને ગરમ કાપડ તેલની મિલો તથા હાથ બનાવટના કાગળનો ઉદ્યોગ છે. જિલ્લાની વસ્તી 2011 માં 28,72,523 હતી. મોટાભાગની વસ્તી ગ્રામ્ય વિસ્તારમાં રહે છે.

(૨) પ્રાચીન નાલંદા વિદ્યાપીઠ :

પ્રાચીન ભારતમાં મગધ નામે જાણીતી પ્રદેશમાં નાલંદા વિદ્યાપીઠે ભારત અને એશિયાના અન્ય દેશોની પ્રજાઓના માનસિક વિકાસ માટેનું વિદ્યાધામ કરવાની પ્રવૃત્તિ નિભાવી હતી. નાલંદા વિદ્યાપીઠ માત્ર ભારતની નહીં પરંતુ સમગ્ર એશિયાની સુપ્રસિદ્ધ વિદ્યાપીઠ હતી. સમસ્ત વિશ્વમાં આ એક ગણાતી આ આંતરરાષ્ટ્રીય વિદ્યાપીઠ છે.

(૩) ફાહિયાની મુલાકાત :

ચીની પ્રવાસી ફાહિયાને ઇ.સ. 410 માં આ સ્થળની મુલાકાત લીધી હતી. તેણે નાલંદા વિદ્યાપીઠ નો ઉલ્લેખ કર્યો નથી. ઇ.સ. 1902 માં નાલંદા પાસે થયેલા ઉત્ખનન પરથી જાણવા મળે છે કે ત્યાં મહાન બૌદ્ધ વિદ્યાપીઠ આવેલી હતી. ગુપ્તવંશના રાજાઓ તથા હર્ષવર્ધન પાસેથી આર્થિક સહાય મેળવીને તેનો વિકાસ થયો હતો. પાંચમી સદીથી તેને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળી અને એશિયાના વિવિધ દેશોમાંથી તેજસ્વી વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા ત્યાં જતા હતા. ભારતમાં આવેલા બે ચીની

પ્રવાસીઓ હ્યુ એન ત્સાંગ અને ઇત્સિંગે નાલંદા વિદ્યાપીઠ વિશે વિગતો આપી છે.

(૪) હ્યુ એન ત્સાંગના વિવરણ પ્રમાણે :

(i) સ્થાપના :

ચીની પ્રવાસી હ્યુ એન ત્સાંગની નોંધ પ્રમાણે રાજા શકાદિત્ય (કુમારપાળ પહેલાએ) 415 -455 માં એક મઠ બાંધીને નાલંદાનો પાયો નાખ્યો હતો. એના પુત્ર બુદ્ધ ગુપ્ત રાજે (સ્કંદગુપ્તે) એનો ઉમેરો કર્યો હતો અને પૌત્ર તથા ગુપ્ત રાજે (પરાગુપ્તે) તે કાર્ય આગળ વધાર્યું. ગુપ્ત રાજાના પુત્ર રાજા બાલાદિત્ય રાજે (નરસિંહ ગુપ્ત 468-472) અને તેના પુત્ર વ્રજે (કુમાર ગુપ્ત બીજો) વિહારનું બાંધકામ વિસ્તાર પૂર્ણ કર્યું.

(ii) નાલંદા વિદ્યાપીઠનો ફેલાવો (વિસ્તાર) :

નાલંદા વિદ્યાપીઠ 1.6 કિલોમીટર લાંબા અને 0.8 કિમી પહોળા વિસ્તારમાં ફેલાયેલી હતી. તેના મધ્યસ્થ મહાવિદ્યાલયમાં સાત મોટા ખંડો અને 300 નાના ખંડો હતા. વિહારના મકાનો અને સ્તૂપો આયોજન પૂર્વક બંધાયેલા હતા. મકાનો ભવ્ય અને બહુમાળી હતા. આ વિદ્યાપીઠમાં 11 વિહારો જુદા જુદા સ્તૂપો મંદિરો તથા વિશાળ માર્ગો મળી આવે છે. સમગ્ર વિસ્તારમાં ઈમારતો મુખ્યત્વે ઉત્તર-દક્ષિણ પ્રયોજાય છે. તેની પૂર્વમાં વિહાર તથા પશ્ચિમ મંદિર તથા સ્તૂપ છે. નાલંદા વિહારોમાં ખુલ્લા ચોકની ચોતરફ ઓરડા હતા અને પ્રવેશ માટે નાનો મંડપ હતો. મંડપની સામેની દિવાલે પૂજા સ્થાન હતું. નાલંદામાં ત્રણ નંબરની જગ્યા પરનો સ્તૂપ સૌથી વિશાળ છે. ત્યાં ઊંડા અને પારદર્શક તળાવ નીલકમલથી શોભાયમાન હતા. ત્યાંનું શાંત અને પવિત્ર વાતાવરણ વિદ્યાનું પોષક હતું.

(iii) ભવન અને પુસ્તકાલય :

વિદ્યાપીઠના દરેક ક્ષેત્ર ચોતરફ ઈંટોની એક ઉંચી દિવાલ હતી. જેમાં ભવ્ય પ્રવેશદ્વાર હતા. અંદર મહાવિહારો કે વિદ્યાપીઠના ભવન હતા એક ઉંચી વેધશાળા હતી. બૌદ્ધ આચાર્ય, પુરોહિતો અને પ્રચારકોના રહેવા માટે ચાર માળનું એક ભવન હતું. વિદ્યાર્થીઓના રહેવા માટે અલગ ભવન હતા. નાલંદા વિદ્યાપીઠના મધ્ય ક્ષેત્રમાં એક ભવ્ય બૌદ્ધ મંદિર હતું. જેમાં લગભગ 24 મીટર ઊંચી બૌદ્ધ પ્રતિમા હતી. નાલંદામાં એક વિશાળ પુસ્તકાલય પણ હતું. જેનું નામ ધર્મગંજ હતું. જે રત્નસાગર, રત્નોદધિ અને રત્નરંજન નામના ત્રણ ભવનોમાં ફેલાયેલું હતું. રત્નદધિ નવમાળનું હતું. જેમાં પ્રજ્ઞાપારમિતા વર્ગના ધાર્મિક ગ્રંથ, તંત્ર સાહિત્ય રાખવામાં આવતા હતા. અહીં જુદા જુદા વિષયોની હજારો હસ્તપ્રતો હતી.

(iv) દ્વાર પરીક્ષા :

નાલંદા વિદ્યાપીઠમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓએ વ્યાકરણ ગદ્ય-પદ્ય સાહિત્ય, તર્કશાસ્ત્ર, અભિધર્મકોષ અને જાતકોનું અધ્યયન કરવું પડતું હતું. આટલું પ્રાથમિક જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ વિદ્યાપીઠમાં પ્રવેશ માટે વિદ્યાર્થી લાયક બનતો હતો. અહીં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા માટે વિદ્યાર્થીઓના જ્ઞાનનું ધોરણ પણ ઊંચું રાખવામાં આવ્યું હતું. જેમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને પરીક્ષા આપવી પડતી હતી જે ખૂબ જ કડક હતી. આ પરીક્ષા લેનાર પરીક્ષકો 'દ્વાર

પંડિતો'ના નામે ઓળખાતા. તેમનું પરીક્ષણ એટલું કડક હતું કે આવનાર દર દસ વિદ્યાર્થીઓમાંથી માત્ર બે કે ત્રણ વિદ્યાર્થીઓ સફળ થતાં સફળતા મેળવ્યા બાદ વિદ્યાર્થીઓને વ્યાખ્યાનો, ચર્ચાસભા અને પરિષદોમાં હાજરી આપવી પડતી હતી.

(v) વિવિધ વિષયનો જ્ઞાન :

પ્રાચીન નાલંદા વિદ્યાપીઠમાં વિવિધ વિષયનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ચીન, જાપાન, મંગોલિયા, કોરિયા, જાવા, તિબેટ વગેરે દેશોમાંથી વિદ્યાર્થીઓ આવતા હતા. અહીં તેઓ બૌદ્ધતત્વજ્ઞાન, બ્રાહ્મણ ધર્મના તત્વજ્ઞાન, ઉપરાંત અન્ય જુદા જુદા વિષયોનું શિક્ષણ કાર્ય થતું હતું. જેમાં વિજ્ઞાન, સામાજિક શાસ્ત્રો, કલાકારીગરી, તર્કશાસ્ત્ર, વ્યાકરણ, આયુર્વેદ, સાંખ્યયોગ, ન્યાય, ગદ્ય-પદ્ય, સાહિત્ય, શબ્દશાસ્ત્ર, વેદશાસ્ત્ર, ચિકિત્સાશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, યુદ્ધશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, બૌદ્ધધર્મની 18 શાખાઓ ગણિતશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર વગેરેનું શિક્ષણકાર્ય થતું હતું.

(vi) વિના મૂલ્ય શિક્ષણ :

અહીં અભ્યાસ કરવા માટે આવનાર વિદ્યાર્થીઓ પાસેથી ફી લેવામાં આવતી નહીં. નાલંદા વિદ્યાપીઠમાં વિનામૂલ્ય શિક્ષણની સાથોસાથ રહેવા તેમજ જમવાની વ્યવસ્થા પણ કરવામાં આવતી. આ ખર્ચને પહોંચી વળવા માટે રાજ્ય તરફથી એક સો ગામની આવક ખાસ જુદી આપવાની જોગવાઈ હતી. આ ઉપરાંત રાજાઓ દ્વારા દાનમાં આપેલ અનેક ગામોની આવકનો ખર્ચ માટે ઉપયોગ થતો હતો. પ્રસિદ્ધ ચીની પ્રવાસી હયુ એન ત્સાંગ સાતમી સદીમાં અહીં પાંચ વર્ષ રહ્યા હતા ત્યારે ત્યાં 5,000 વિદ્યાર્થીઓ ભણતા હતા. તેમણે વિદ્યાપીઠના મકાનો, પ્રાકૃતિક સૌંદર્ય વગેરેનું સરસ વર્ણન કર્યું છે. ત્યારબાદ ઇત્સિંગે ઇ.સ. 673 તે વિદ્યાપીઠમાં ગયા હતા. ત્યાંની જલવાટીકાનું તેમણે વર્ણન કર્યું છે.

(vii) આચાર્ય અને વિદ્વવાનો :

આ વિશ્વવિખ્યાત વિદ્યાપીઠમાં 8500 જેટલા વિદ્યાર્થીઓ અને 1510 જેટલા અધ્યાપકો હતા. નાલંદા વિદ્યાપીઠમાં જુદા જુદા વખતે થઈ ગયેલા મહાન આચાર્યોમાં શીલભદ્ર, નાગાર્જુન, અસંગ, વસુંબંધુ, દિગનાથ, આર્યદેવ, ધર્મપાલ, ચંદ્રપાલ, સ્થિરમત, ગુણમતી, પ્રભાકર મિત્ર, અંગ, જીનમિત્ર, ભદ્રસેન, જ્ઞાનચંદ્ર, શાંતિરક્ષિત વગેરે નાલંદા વિદ્યાપીઠના વિદ્વાનો અને આચાર્ય હતા. નાલંદા વિદ્યાપીઠના દરેક પંડિત શિક્ષક અને આચાર્ય તેમના ચરિત્ર, નૈતિકતા, આદર્શ, વિદ્વતા અને સદગુણો માટે સર્વત્ર પ્રસિદ્ધ હતા. તેમનું દૈનિક જીવન પ્રાચીન ઋષિઓ સમાન હતું. તેમનો યશ ગૌરવ ભારતમાં જ નહીં ભારતની બહાર વિદેશોમાં પણ ફેલાયેલો હતો. નાલંદા વિદ્યાપીઠના અનેક આચાર્ય ચીન, તિબેટ વગેરે અન્ય દેશોમાં બૌદ્ધ ધર્મના પ્રચાર અર્થે ગયા હતા. તેમાં શાંતિરક્ષિત, કમલશીલ, સ્થિરમતિ, બુદ્ધકીર્તિ તિબેટ ગયા હતા અને કુમારજીવ, પરમાર્થ, સુભાકર અને ધર્મપાલ ચીન ગયા હતા. આઠમી સદીના રાજવી સ્ત્રોન ત્સાન ગેમ્પોએ નાલંદાના મુખ્ય આચાર્ય શાંતિરક્ષિત તિબેટમાં બોલાવી તેમને ધર્મ સુધારનારનું કાર્ય સોપ્યું હતું.

(૫) નાલંદા વિદ્યાપીઠનો નાશ :

પાંચમી સદીથી ખ્યાતનામ બનેલી નાલંદા વિદ્યાપીઠને સમગ્ર દેશ અને દુનિયામાં નામના પ્રાપ્ત કરી સમયાંતરે તેનો ખૂબ જ વિકાસ પણ થયો. નાલંદા વિદ્યાપીઠ હવે માત્ર ભારતની શિક્ષણ સંસ્થા ન રહેતા આંતરરાષ્ટ્રીય વિદ્યાપીઠ બની ગઈ હતી. તેની નામના 11મી સદી સુધી જળવાઈ રહી હતી. 12મી અને 13મી સદીઓમાં તુર્કી મુસ્લિમ આક્રમણકારોએ વિદ્યાપીઠની ઇમારતોને આગ લગાડીને નાશ કર્યો અનેક વિદ્યાર્થીઓની હજારો હસ્તપ્રગતોનો તેમાં નાશ થયો. તેના અધ્યાપકો વિદ્યાર્થીઓ વગેરેની મારી નાખવામાં આવ્યા. કેટલાક તે દરમિયાન ત્યાંથી નાસી ગયા હતા. નાલંદા વિદ્યાપીઠનો નાશ ઈ.સ. 1197 થી 1203 દરમિયાન બખત્યાર ખીલજી દ્વારા કરવામાં આવ્યો હતો. આમ વિશ્વવિખ્યાત નાલંદા વિદ્યાપીઠનો અંત આવ્યો હતો. નાલંદાને યુનેસ્કોએ 2016 માં વર્લ્ડ હેરિટેજ સ્થળનો દરજ્જો આપ્યો છે. આમ પ્રાચીન નાલંદા વિદ્યાપીઠનો નાશ થયો પરંતુ તેની નામના હંમેશા અમર રહેશે.

સંદર્ભ ગ્રંથો :


1. હરિપ્રસાદ શાસ્ત્રી, ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ,1973.
2. હરિપ્રસાદ શાસ્ત્રી, પ્રાચીનભારત ભાગ-2, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, 1970.
3. આર.જી.પરીખ, ગુપ્તકાલીન ભારત, યુનિવર્સિટી ગ્રંથ -3 નિર્માણ બોર્ડ, અમદાવાદ, 1998.
4. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ-3, મૈત્રક કાળ અને અનુમૈત્રકકાળ ભો.જે વિદ્યાભવન અમદાવાદ,2004.
5. ધારૈયા, કાઝી, ભટ્ટ, જાની. પ્રાચીન ભારતનો ઇતિહાસ, સી. જમનાદાસની કંપની. અમદાવાદ, 2004.
6. બી. એન. લુણીયા પ્રાચીન ભારત કા રાજનીતિક એવંમ સાંસ્કૃતિક ઇતિહાસ, કમલ પ્રકાશન, ઇન્દોર, 2007.
7. બંસીધર શુકલ, પ્રસન્નિકા વિશ્વકોષ, ગુર્જર પ્રકાશન, અમદાવાદ, 1997.
8. રજની વ્યાસ, વિશ્વવિજ્ઞાન કોષ, શ્રી ભગવતી ટ્રસ્ટ પ્રકાશન, અમદાવાદ, 2002.
9. ચંદ્રકાંત શેઠ, ગુજરાતી બાળવિશ્વકોશ ખંડ 3, ગુજરાતી વિશ્વ કોશ ટ્રસ્ટ પ્રકાશન, અમદાવાદ, 2013.
10. ઇન્ટરનેશનલ મલ્ટીડિસિપ્લિનરી જર્નલ, થીન્ક ડિફરંટ વર્ષ -3 સળંગ અંક 18,સપ્ટેમ્બર 2016.
11. www.gujaratsamchar.com
12. 4gujarat.com